# ૨૬/૧૧ના હુમલાખોરોને પાકનો ટેકો હતો

## ૨૬/૧૧ હુમલાઓમાં પાક સરકાર અથવા તો તેને ટેકો આપતી સંસ્થાઓની સીધી સંડોવણીનો પણ ચિદમ્બરમનો દાવો

નવી દિલ્હી,તા.૨૭

૨૬/૧૧ મુંબઈ હુમલાના ઝડપાઈ ગયેલા હેન્ડલર અબુ જુંડાલની કબૂલાત બાદ કેન્દ્રીય ગૃહ પ્રધાન પી ચિદમ્બરમે આજે દાવો કર્યો હતો કે ૨૬/૧૧ મુંબઈ હુમલાને અંજામ આપનાર આતંકવાદીઓને પાકિસ્તાને પૂર્ણ ટેકો આપ્યો હતો. ચિદમ્બરમે એમ પણ કહ્યુ હતુ કે હુમલાને અંજામ આપનાર આતંકવાદીઓને પાકિસ્તાન સરકાર અથવા તો પાકિસ્તાન સરકાર માટે કામ કરનાર સંસ્થાઓએ ટેકો આપ્યો હતો. ૨૬/૧૧ હુમલામાં પાકિસ્તાન સરકારનો હાથ હોવાનો ચિદમ્બરમે દાવો કરતા ફરી એકવાર બંને દેશો વચ્ચે સંબંધો ખેંચતાણ વાળા બની ગયા છે. થિરુવરન્તપુરમમા પત્રકારો સાથે વાતચીત કરતા ચિદમ્બરમે કહ્યુ હતુ કે ૨૨ વર્ષથી પાકિસ્તાનમાં જેલમાં રહેલા ભારતીય નાગરિક સરબજીત અંગે ઘટનાક્રમથી તેમને એમ લાગતુ નથી કે હાલમાં જ ધરપકડ કરવામા આવેલા ૨૬/૧૧ના કાવતરાખોર અબુ જુંડાલ સાથે કોઈ સંબંધ છે. ગૃહમંત્રીએ બે દિવસ પહેલા જ જાહેરાત કરી હીત કે સઈદ જબીઉદ્દીન ઉર્ફે અબુ જુંડાલ નામના શખ્સની દિલ્હી વિમાની મથકથી ધરપકડ કરવામા આવી છે. પોલીસ પહેલાથી જ દાવો કરી ચુકી છે કે આ શખ્સના મુંબઈ હુમલાના કાવતરા ખોરો સાથે સીધા સંબંધો છે. તે પોતે પણ મુખ્ય કાવતરાખોર છે. બીજી બાજુ ભારતના વિદેશ મંત્રી એસ એમ કૃષ્ણાએ પણ કહ્યુ છે કે પાકિસ્તાન સાથે વાતચીત માટે પૂરતા પ્રમાણમાં ધીરજ અને મહેનતની જરૂર છે. કારણ કે ત્યાં અનેક તત્વો લાંબા ગાળાના અથવા તો ટુંકાગાળના ઉદ્દેશ્યને હાંસલ કરવા આતંકવાદીઓનો ઉપયોગ કરી રહ્યા છે તેમણે ઉમેર્યુ હતુ કે આતંકવાદીઓનો ઉપયોગ કરનાર કેટલકા સંગઠનો છે. અત્રે ઉલ્લેખનયી છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે વિદેશ સચિવોની ચોથી અને પાચમી જુલાઈએ મીટિંગ યોજાનાર છે. ચિદમ્બરે દાવો કર્યો હતો કે દક્ષિણ એશિયા વિશ્વમાં સૌથી ખતરનાક ક્ષેત્ર છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના ઘણા વિસ્તાર



આનાથી પ્રભાવિત છે. ચિદમ્બરમેએવો દાવો પણ કર્યો હતો કે ભારતમા વોન્ટેડ દાઉદ ઈબ્રાહીમ પાકિસ્તાનમા જ છે. જો કે પાકિસ્તાન એનો સતત નકારીકાઢે છે. ચિદમ્બરમે અન્ય ઘણા સળગતા મુદ્દા ઉઠાવ્યા હતા. જુંડાલની જુબાનીથી સાબિતી મળી ગઈ છે કે ૨૬/૧૧ના હત્યાકાંડમાં સ્ટેટ એકટર્સનો ટેકો હતો. નવેમ્બર ૨૦૦૮માં નોન હેકટર્સ દ્વારા આ હુમલો કરવામા આવ્યો હતો. ચિદમ્બરમે કહ્યુ હતુ કે ચારથી પાચ શખ્સો પાકિસ્તાનમા છે. પરંતુ ભારતીય સંસ્થાઓ ૨૬/૧૧ના હુમલાખોરોને પકડી પાડશે. તમામ આરોપીઓના વોઈશ સેમ્પલ ઉપલબ્ધ કરાવવા ચિદમ્બરમે કહ્યુ હતુ. ગૃહમંત્રીએ કહ્યુ હતુ કે જુંડાલ કરાચી કંટ્રોલ રૂમમાં હુમલો કરવામા આવ્યો હતો ત્યારે હાજર હતો. મુંબઈ હુમલાખોરો કંટ્રોલ રૂમમાથી માર્ગદર્શન અપાઈ રહ્યુ હતુ. જુંડાલે એમ પણ કહ્યુ છે કે જમાત ઉદ દાવાનો લીડર હફીઝ સઈદ પણ કંટ્રોલ રૂમમા હાજર હતો.

## આસામમા પૂરની સ્થિતિ વધુ ગંભીર બનતા ચિંતા

ગુવાહાટી,તા.૨૭

આસામમા અવીરત વરસાદ જારી રહેતા રાજ્યમા પૂરની પરિસ્થિતિ વણસી ગઈ છે. રહી રહીને વરસાદ થઈ રહ્યો છે. ૨૩ જિલ્લાઓમા ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે જેમા દસ લોકોના મોત થયા છે. આની સાથે જ




રાજ્યમા પૂરમા મોતનો આંકડો વધીને ૨૦ ઉપર પહોચ્યો છે. શહેરના ધીરેનપાડા વિસ્તારમા ભેખડો ધસી પડતા એક મહિલના અને બે બાળકોના મોત થયા છે. આવી રીતે અન્ય બેના ડીમા હશાવ જિલ્લામા થયા છે. જે જિલ્લાઓમા પૂરની વધારે અસર જોવા મળી રહી છે તેમા તીનસુકીઆ, દારંગ, જોરહાટ, વિલાઘાટ, કોકરાજાર, નાલબેલી, સોનીત, કાર્બીએનલોંગ, નાગામ, ડિબરુગઢ, સિવસાગર, કામરુલ, કરીંગંજનો સમાવેશ થાય છે. ભારે વરસાદના કારણે બ્રહ્મપુત્રમા પાણીની સપાટી વધી ગઈ છે. સાવચેતીના તમામ પગલા તંત્ર દ્વારા લેવાયા છે.

## પ્રણવ-સાંગમા આજે ઉમેદવારી પત્રો દાખલ કરશે

નવી દિલ્હી,તા.૨૭

યૂપીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર પ્રણવ મુખર્જી અને લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ પીએ સાંગમા આવતીકાલે ગુરૂવારકે ઉમેદવારી પત્રો ભરશે. આની સાથે જ યૂપીએ અને ભાજપનો ટેકો ધરાવતા વિપક્ષી ઉમેદવાર વચ્ચે રાષ્ટ્રપતિની ચૂંટણીનો તખ્તો તૈયાર થઈ ગયો છે. આ ચૂંટણીમાં શાસક ગઠબંધન જીત મેળવે તેવી શકયતા છે. પ્રણવ મુખર્જીની રાષ્ટ્રપતિની ચૂંટણીમા જીત નિશ્ચિત દેખાઈ રહી છે. તૃણમુલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીના વિરોધની ચિંતા કર્યા બદલ યૂપીએ આવતીકાલે પ્રણવ મુખર્જીના નોમિનેશન પેપરો રજૂ કરશે. પ્રણવ મુખર્જી વડાપ્રધાન મનમોહનસિંહ, ગઠબંધનના વડા અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીની




ઉપસ્થિતિમાં સવારે ૧૧.૦૦વાગે ઉમેદવારી પત્રો ભરશે. તૃણમુલ સિવાય યૂપીએના તમામ ઘટકપક્ષોના નેતાઓ આ પ્રસંગે ઉપસ્થિત રહે તેવી શકયતા છે. એનસીપીના શરદ પવાર, ડીએમકેના પીઆર બાલુ, એનસીના ફારુખ અબ્દુલ્લા, ઈ એહમદ પણ ઉપસ્થિત રહેશે. એનડીએના સાથીપક્ષ જનતાદળ યૂનાઈટેડ અને શિવસેના પણ પ્રણવ મુખર્જીને ટેકો આપવાનો નિર્ણય કરી ચુક્યા છે. પ્રણવ મુખર્જી નોમિનેશન પેપરના ચાર સેટ દાખલ કરે તેવી વકી છે. ૭૭ વર્ષીય પ્રણવ મુખર્જી રાષ્ટ્રપતિ બનાવાની દિશામા આગળ વધી રહ્યા છે. બીજી બાજુ ૬૪ વર્ષીય સાંગમા પણ ઉમેદવારી પત્રો ભરવા જઈ રહ્યા છે. તેમની સાથે ભાજપના કેટલાક નેતાઓ, જનતાપાર્ટીના નેતા સુબ્રમણ્યમ સ્વામી, અન્ના દ્રમુખ, બીજેડી, શિરોમળી અકાળીદળના સભ્યો પહોંચે તેવી શકયતા છે.

## ગુલમર્ગમાં ભારે હિમવર્ષા

શ્રીનગર, તા. ૨૭

કાશ્મીર ખીણમાં કાતીલ ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે. ગુલમર્ગના ઉંચાણવાળા વિસ્તારોમાં નવેસરથી હિમ વર્ષા થિ છે. સાથે સાથે અન્ય ભાગોમાં સતત બીજા દિવસે વરસાદ પડ્યો છે. ગુલમર્ગમાં આજે ૧૩.૨ મીમી જેટલો વરસાદ થયો હતો. જ્યારે ઉંચાણવાળા પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ હોવાના અહેવાલ મળ્યા છે. વિશ્વ પ્રસિદ્ધ સ્કી રીસોર્ટ ખાતે લઘુત્તમ તાપમાન ઘટીને ૦.૫ ડીગ્રી થઈ ગયું છે. જ્યારે ઉનાળા પાટનગર ગણાતા શ્રીનગરમાં તાપમાન ઘટીને ૯.૨ ડીગ્રી થયું છે. દક્ષિણ કાશ્મીરના હિલ રીસોર્ટ પહેલગામમાં ૩૧.૨ મીમી જેટલો વરસાદ થયો છે. જેથી તાપમાન ઘટીને ૪.૨ ડીગ્રી થયું છે.




તાજેતરના દિવસોમાં પારો એકાએક ઘટી જતા લોકોને તિવ્ર ઠંડીનો અનુભવ કરવો પડ્યો છે. એપ્રિલ મહિનામાં વરસાદના કારણે ભુતકાળમાં પુરની સ્થિતી પણ ખીણમાં સર્જાઇ હતી.

## પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ રૂપિયા ૪ સુધીનો ઘટાડો કરવાની તૈયારી

નવી દિલ્હી,તા.૨૭

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા લોકોને હવે મોટી રાહત મળવાની શક્યતા દેખાઈ રહી છે. કારણ કે ઓઈલ કંપનીઓએ ૧લી જુલાઈથી પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ રૂપિયા ૪ સુધીનો ઘટાડો કરવાની તૈયારી કરી લીધી છે. એક અગ્રણી અખબારમાં આ અંગેના અહેવાલ બાદ મધ્યમવર્ગ અને અન્ય તમામ લોકોને રાહત મળે તેવી શક્યતા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમતમાં ઘટાડો થયા બાદ ઓઈલ કંપનીઓ પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવાની તૈયારીમાં છે. આંતરરાષ્ટ્રીય બજારના આધાર ઉપર ઓઈલ કંપનીઓ પેટ્રોલની કિંમત નક્કી કરે છે. ક્રૂડની કિંમત ઘટી ગયા બાદ હવે પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવા ઓઈલ કંપનીઓ કમર કસી ચૂકી છે. હાલમાં આંતરરાષ્ટ્રીય પેટ્રોલની કિંમત સરેરાશ બેરલ દીઠ ૯૯ ડૉલર છે જે જૂન મહિનાની શરૂઆતમાં સરેરાશ બેલર દીઠ ૧૧૫ ડૉલર હતી. એ વખતે ઓઈલ કંપનીઓએ પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ રૂપિયા ૨.૦૨ સુધીનો ઘટાડો કર્યો હતો. આ કાપના કારણે તમામ લોકોને મોટી રાહત મળશે. કારણ કે થોડાક સમય પહેલાં જ કંપનીઓએ પેટ્રોલની



કિંમતમાં લીટર દીઠ ૭.૫૪નો વધારો કર્યો હતો. ૨૩મી મેના દિવસે કમરતોડ વધારો કરીને દેશના તમામ લોકોને પેટ્રોલીયમ કંપનીએ મોટો આઘાત આપ્યો હતો ત્યારબાદ દેશભરમાં પેટ્રોલની કિંમતમાં વધારાને લઈને જોરદાર દેખાવો થયા હતો જેથી કિંમતમાં બે રૂપિયાનો ઘટાડો થયો હતો.હવે વધુ ચાર રૂપિયા સુધીનો ઘટાડો કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. જો કે આંતરરાષ્ટ્રીય પેટ્રોલની કિંમતે અને રૂપિયા-ડૉલર એકસચેન્જ રેટ આ મહિનામાં બાકીના ગાળા સુધી આ સ્થિતિમાં રહેશે તો જ ફેરફાર કરવામાં આવશે જેથી પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ રૂપિયા ચારનો વધારો ૧લી જુલાઈના દિવસે કરાશે કે કેમ તેને લઈને કોઈપણ ટિપ્પણી કરવાની સ્થિતિમાં પેટ્રોલીયમ કંપનીઓ નથી. હાલ પેટ્રોલીયમ કંપનીઓ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમત પર ચાંપતી નજર રાખી રહ્યું છે.

## રતન તાતા લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત

નવી દિલ્હી,તા.૨૭

તાતા સન્સના ચેરમેન રતન તાતાને પ્રતિષ્ઠિત રોક ફેલર ફાઉન્ડેશનના લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામા આવ્યા છે. રતન તાતાને આ સન્માન જુદા જુદા ક્ષેત્રોમાં તેમની ઉલ્લેખનીય કામગીરીના કારણે આપવામા આવ્યા છે. ફાઉન્ડેશનના ૧૦૦ વર્ષ પરિપૂર્ણ થવાના પ્રસંગે જુદા જુદા ક્ષેત્રોના લોકો અને સંસ્થાઓને સન્માનિત કરવામા આવી હતી. આ પ્રસંગે રતન તાતાએ કહ્યુ હતુ કે કારોબારની દુનિયાને આ બાબતને



લઈને સંવેદનશીલ રહેવુ જોઈએ કે જે ક્ષેત્રોમાં તેઓ સક્રિય છે તે ક્ષેત્રમાં પરિવર્તન આવી રહ્યા છે. એવુ કામ કરવુ જોઈએ જેનાથી સમુદાયને સમૃદ્ધ કરવામા મદદ મળી શકે. તાતાએ કહ્યુ હતુ કે આ પ્રકારની ચીજો વિકાસશીલ દેશોમાં વધારે જોવા મળે છે. અહીં અસમતુલા વધારે છે. જો ઉદ્યોગ આના પ્રત્યે સંવેદનશીલ રહેશે નહી તો આનાથી સ્થિતિ વધારે ખરાબ થશે. વિદેશ જતી ઘણી કંપનીઓ આ બાબતને સમજી રહી છે. જે કંપનીઓ સમજી રહી નથી તે અન્ય ઉદ્યોગની પ્રતિષ્ઠાને નુકસાન પહોચાડી રહી છે. આફ્રિકા અથવા એશિયન દેશોમા ગરીબી અને ભુખમરાની સ્થિતિ હજુ પણ જોવા મળી રહી છે. ખુબજ આરામની લાઈફ ગાળી રહેલા લોકો પર નજર કરવાની જરૂર છે. નબળા વર્ગોને મજબૂત કરવાની દિશામા ચોક્કસ પગલા લેવામા આવે તે જરૂરી છે.

## રાહુલ ગાંધીએ સરકારમાં સામેલ થવું જોઈએ : કૃષ્ણા

નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્રીય કેબિનેટની ફેરરચના કરવામા આવનાર છે ત્યારે ઘણા કેન્દ્રીય પ્રધાનોએ લોબી ચલાવવાની શરૂઆત કરી દીધી છે. વિદેશ મંત્રી એસએમ કૃષ્ણાએ આજે કહ્યુ હતુ કે સરકારમા રાહુલ ગાંધીની એન્ટ્રી થવી જોઈએ. તેમણે એમ પણ કહ્યુ હતુ કે દેશની સામે રહેલી સમસ્યાઓને




ઉકેલવામા તેમની મદદ લેવામા આવે તે જરૂરી છે. કૃષ્ણાએ ધ્યાન દોર્યુ હતુ કે વડાપ્રધાન મનમોહનસિંહ પહેલાથી જ સરકારમા સામેલ થવા રાહુલગાંધીને કહી ચુક્યા છે. પરંતુ તેમના આમંત્રણ અંગે કોઈ નિર્ણય થયો નથી. અમે હમેશા સરકારમા રાહુલ ગાંધીના સમાવેશની ઈચ્છા રાખી રહ્યા છે. વડાપ્રધાનનુ આમંત્રણ રાહુલને મળી ચુક્યુ છે પરંતુ રાહુલ હજુ સુધી આના માટે તૈયાર થઈ રહ્યા નથી. રાહુલ ગાંધીને રાષ્ટ્રપતિની ચૂંટણી લડવા પ્રણવ મુખર્જીએ પ્રધાન તરીકે રાજીનામુ આપ્યા બાદ પ્રધાન બનાવવામા આવશે કે કેમ તે અંગે પૂછવામા આવતા કૃષ્ણાએ જવાબ આપ્યો હતો. કૃષ્ણાએ કહ્યુ હતુ કે રાહુલ ગાંધી સરકારમા સામેલ થાય તેમ તમામ લોકો ઈચ્છે છે. ટ્રબલ શુટર તરીકે ગણાતા પ્રણવ મુખર્જીએ ગઈકાલે નાણામંત્રી તરીકે રાજીનામુ આપ્યુ હતુ. ૧૯મી જુલાઈના દિવસે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી માટે આવતીકાલે પ્રણવ મુખર્જી ઉમેદવારી પત્ર ભરનાર છે. વીરભદ્ર સિંહ પણ માઈક્રો અને લઘુ ઉદ્યોગ માટેના પ્રધાન તરીકે રાજીનામુ આપી ચુક્યા છે. તેમની સામે ભ્રષ્ટાચારના આરોપો ઘડવામા આવ્યા છે. કેન્દ્રીય કેબિનેટની પુનઃ રચનાની અટકળો વધુ તીવ્ર બની છે. વડાપ્રધાને નાણાખાતુ પોતાની પાસે રાખ્યુ છે. જ્યારે એમએસએન ખાતાની વધારાની જવાબદારી વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રધાન વિલાસરાવ દેશમુખને અપાઈ છે.

## અમરનાથ યાત્રાના પ્રથમ ત્રણ દિવસમાં ૧૮૦૦૦ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા

જમ્મુ,તા.૨૭

વાર્ષિક અમરનાથ યાત્રા ખરાબ હવામાન અને હિમવર્ષા છતાં શાંતિપુર્ણ રીતે આગળ વધી રહી છે. પ્રથમ ત્રણ દિવસમાં જ ૧૮૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ અમરનાથમાં શિવલીંગના દર્શન કરી ચુક્યા છે. શ્રદ્ધાળુઓના ધસારાને ધ્યાનમાં લઈને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યુંછે કે દક્ષિણ કાશ્મીર હિમાલયમાં ૩૮૮૮ મીટરની ઉંચાઈએ સ્થિત અમરનાથની ગુફામાં શિવલીંગના દર્શન કરનાર શ્રદ્ધાળુઓની સંખ્યા ૧૮૦૦૦થી વધુ નોંધાઈ ચુકી છે. યાત્રા સાનુકુળ રીતે વધી રહી છે. કોઈપણ અડચણ વગર શ્રદ્ધાળુઓ દર્શન કરી રહ્યા છે. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ૧૭૧૬ શ્રદ્ધાળુઓની ત્રીજી ટુકડી આજે અમરનાથ ગુફા માટે જમ્મુ બેઝ કેમ્પથી રવાના થઈ હતી. શ્રદ્ધાળુઓમાં ૯૨૧ પુરૂષ, ૩૮૮ મહિલાઓ, ૬૨ બાળકો અને ૩૪૫ સંતો હતા. ૪૭ બસ સહિત ૭૬ વાહનોમાં શ્રદ્ધાળુઓનો કાફલો રવાના થયો હતો. જમ્મુમાં ભગવતી



નગર બેઝ કેમ્પથી શ્રદ્ધાળુઓનો કાફલો રવાના થયો હતો. વહેલી પરોઢે ૪.૩૦ વાગે શ્રદ્ધાળુઓનો કાફલો રવાના થયો હતો. સીઆરપીએફ અને અન્ય સુરક્ષા જવાનો સાથે શ્રદ્ધાળુઓ રવાના થયા હતા. બપોરના ગાળા સુધી તમામ શ્રદ્ધાળુઓ રામબાણ જિલ્લામાં ચંદરકોટેને પાર કરી ચુક્યા છે. મંગળવારની બેચ સાથે જ પવિત્ર અમરનાથની ગુફા તરફ રવાના થયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા ૬૧૯૯ થઈ ચુકી છે. કોઈપણ દુર્ઘટના વગર અમરનાથ યાત્રા યથવાત રીતે આગળ વધી રહી છે. સીઆરપીએફની ૫૭ કંપનીઓ અમરનાથ યાત્રાની સુરક્ષા માટે ગોઠવવામાં આવી છે. સીઆરપીએફના એક વરીષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે જમ્મુ કાશ્મીરમાં યાત્રાની સુરક્ષા માટે ૫૭ કંપનીઓ તૈનાત કરવામાં આવી ચુકી છે. આ પૈકી ૧૨ કંપનીઓ જમ્મુ પ્રદેશમાં અમરનાથ યાત્રાની સુરક્ષા માટે ગોઠવવમાં આવી છે. જ્યારે ૪૫ કંપનીઓ યાત્રા માટે ખીણમાં ગોઠવવામાં આવી છે. કેટલીક આઈટીબીપી અને બીએસએફની કંપનીઓ પણ દક્ષિણ કાશ્મીર હિમાલયમાં ગોઠવવામાં આવી ચુકી છે. અમરનાથ યાત્રાને શાંતિપુર્ણ રીતે પાર પાડવા સુરક્ષા દળોએ કમર કસી ચુકી છે. આ વખતે અમરનાથ યાત્રામાં વધુ શ્રદ્ધાળુઓ પહોંચે તેવી વકી છે. ૩.૫૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓની નોંધણી પહેલાથી જ થઈ ચુકી છે. આ વખતે દુર્ઘટનાઓને ટાળવા માટે કેટલાક ધારાધોરણોમાં ફેરફાર કરવામાં આવ્યા છે.

## ચાંદીની કિમંતમાં ૬૦૦, સોનામાં ૧૫૦નો ઘટાડો

નવી દિલ્હી,તા.૨૭

શેરબજારમાં કારોબારના અંતે આજે તેજી રહી હતી. પરંતુ બુલિયન બજારમાં ઉદાસીનતા જોવા મળી હતી. અમદાવાદ બુલિયન બજારથી પ્રાપ્ત અહેવાલ મુજબ આજે ચાંદીની કિંમતમાં રૂપિયા ૬૦૦નો ઘટાડો જોવા મળ્યો હતો. જેથી ચાંદીની કિંમત ૫૨૬૦૦થી ૫૩૧૦૦ નોંધાઈ હતી. બીજી બાજુ સોનાની કિંમતમા ૧૫૦ રૂપિયાનો ઘટાડો આજે થયો હતો. છતાં સોનાની કિંમત ૩૦૨૫૦થી ૩૦૩૫૦ રહેલી છે. સોના ચાંદીમા ઘટાડો જોવા મળ્યો હતો. બીજી બાજુ નવી દિલ્હીથી પ્રાપ્ત અહેવાલ મુજબ સોના અને ચાંદીની કિમતમા ઘટોડો જોવા મળ્યો હતો. સ્ટોકીસ્ટ અને જ્વેલર્સ દ્વારા હિસ્સો ઘટાડાવામા આવતા બંનેમા કડાકો બોલી ગયો હતો. વૈશ્વિક બજારમા નબળી સ્થિતિ અને પ્રવર્તમાન ઉંચી સપાટીએ સ્ટોકીસ્ટ અને જ્વેલર્સ તેમની હિસ્સેદારી ઘટાડી રહ્યા છે.

## રાજેશ ખન્નાને હજુ થોડા દિવસ સુધી હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેવું પડશે

નવી દિલ્હી,તા.૨૭

વીતેલા વર્ષોના સુપરસ્ટાર અભિનેતા રાજેશ ખન્નાને હજુ થોડા દિવસ સુધી હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેવુ પડશે. રાજેશ ખન્ના સાથે સંબંધ તુટી ગયા હોવા છતા પૂર્વ પત્ની ડિમ્પલ કાપડીયા હાલના દિવસોમાં રાજેશ ખન્નાની સાથે છે. ડિમ્પલે કહ્યુ હતુ કે રાજેશ ખન્નાની હાલત હવે બિલકુલ સ્વસ્થ છે. પરંતુ હજુ થોડા દિવસ સુધી સાવચેતીના કારણોસર હોસ્પિટલમા રાખવામા આવશે. ટુંકમા રાજેશ ખન્નાને હોસ્પિટલમાથી રજા આપવામા આવશે. નબળાઈ અને અન્ય ઘણી ફરિયાદો બાદ શનિવારના દિવસે રાજેશ ખન્નાને



હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યા હતા. એપ્રિલ મહિનાથી રાજેશ ખન્નાની હાલત કફોડી બનેલી છે. ગયા ગુરૂવારે એવી અફવાહ ફેલાઈ હતી કે રાજેશ ખન્નાની હાલત વધુ વણસી ગઈ છે. તેમના સેક્રેટરી અશ્વિને કેટલાક મીડિયાના લોકોને કહ્યુ હતુ કે અભિનેતા ભોજન લઈ રહ્યા નથી. માત્ર લિકવીડ ડાઈટ ઉપર છે. આ સમાચાર ફેલાતાની સાથે જ રાજેશ ખન્નાના કરોડો ચાહકોમા ચિંતાનુ મોજુ ફરી વળ્યુ હતુ. પંરતુ આ અહેવાલ આવ્યા બાદ રાજેશ ખન્ના પોતાના બંગલાની બાલકનીમાં નજરે પડ્યો હતો અને પત્રકારોને કહ્યુ હતુ કે તે બિલકુલ સ્વસ્થ છે. અક્ષ. કુમારે પણ કહ્યુ હતુ કે તેમના સસરાની તબિયત બિલકુલ સારી છે. ખન્નાને હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યા બાદ પરિવારના સભ્યો જ નહી બલ્કે ઘણી ફિલ્મી હસ્તીઓ પણ અભિનેતાને મળવા માટે પહોંચી હતી. રાજેશ ખન્નાની પૂર્વ ગર્લફ્રેન્ડ અંજુ મહેન્દ્રુ, રીના રોય અને અનિત અડાવાણી પણ મળવા માટે પહોચી હતી.

## રાષ્ટ્રપતિ ચૂંટણી મામલે શુક્લા માયાવતીને મળ્યા

લખનૌ,તા.૨૭

કોંગ્રેસના નેતા રાજીવ શુક્લા આજે બહુજન સમાજપાર્ટીના વડા માયાવતીને મળ્યા હતા. પ્રણવ મુખર્જીના ટેકા પત્ર પર હસ્તાક્ષર મેળવ્યા હતા. યૂપીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર પ્રણવ મુખર્જી



આવતીકાલે ઉમેદવારી પત્રો દાખલ કરનાર છે. રાજીવ શુક્લા ટેકા પત્ર પર હસ્તાક્ષર લેવા માટે તેમને મળ્યા હતા. માયાવતીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે મીટિંગનો મુખ્ય હેતુ હસ્તાક્ષર જ હતો. શુક્લાએ કહ્યુ હતુ કે પ્રણવ મુખર્જી તેમની ઉમેદવારીને ટેકો આપવા બદલ માયાવતીનો આભાર માને છે. પ્રણવ મુખર્જીએ મંગળવારે રાજીનામુ આપ્યુ હતુ. ૭૭ વર્ષીય કોંગ્રેસીનેતા ૧૯મી જુલાઈના દિવસે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં યૂપીએના ઉમેદવાર હશે.

### પારિજાત (પાના નં. ૪ નું ચાલુ)

દાનમાં સુતરાઉ કપડાં મેળવી. કાપી, ધોઈ, સૂકવી - એમાંથી નૅપ્કિન તૈયાર કરવાનું શરૂ કર્યું. આજે 'ગૂંજન' નાં તમામ મોટાં શહેરોમાં કલેકશન સેન્ટર છે. દર મહિને ૨૦,૦૦૦ કિલો કપડાં દાનમાં આવે છે. અને ૨૧ રાજયોની ગરીબ સ્ત્રીઓને તંદુરસ્તીનું વરદાન મળ્યું છે.

આ પુસ્તકમાંથી કેટલીયે ઘટનાઓ સમાજ માટે પ્રેરણાસ્રોત બની રહે તેવી છે. આ લોકોની જિંદગી સામાન્ય નથી. સંઘર્ષમય છે. પણ એમની જિંદગી ચીલાચાલુ નથી. આપણાં સૌમાં આ તાકાત છે - બીજાનું ભલું કરવાની. જરૂર છે એને જાગૃત કરવાની - કેમ કે "જીના ઈસીકા નામ હૈ."

### નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

વરસાદની ઋતુમાં પિત્તનો પ્રકોપ થવાનું શરૂ થાય છે. જે શરદઋતુમાં સંપૂર્ણ પ્રકુપીત થાય છે. વર્ષાઋતુમાં જ આપણે પિત્તનો પ્રકોપ ન થવા દઇએ અને પાચનતંત્ર સતેજ રાખીએ તો શરદઋતુમાં પણ આરોગ્ય જળવાઇ રહે છે. પાચનને ટકાવી રાખવા તથા સુધારવા માટેના આયુર્વેદિક ઉપચારો જોઇએ.

➡ ત્રિફળા શ્રેષ્ઠ ઔષધ છે. એકલી હરડે પણ લઇ શકાય.

➡ આમ પાચન વટી, હિંગ્વષ્ટકચૂર્ણ, શંખવટી આદિ યોગોમાંથી કોઇ પણ યોગ લઇ શકાય.

➡ ઉપવાસ કરવાથી અને દિવસમાં બે વખત હરડેનું સેવન કરવાથી આમનો નાશ થાય છે.

➡ ખોરાકમાં જૂનું અનાજ વાપરવું, મગનું પાણી શ્રેષ્ઠ છે.

➡ પીપર, ગંઠોડા, સૂંઠ, ચિત્રક, ફૂદીનો, સંચળ, આદિનું મિશ્રણ લઇ શકાય.

➡ જો વર્ષાઋતુમાં મરડો, ઝાડા, આદિ થયા હોય તો તાત્કાલિક ચિકિત્સકને સંપર્ક કરવો. આયુર્વેદ ઉપચારો નિમ્ન લિખીત છે.

➡ ઝાડા-મરડો થયાં હોય તો કુટજ ઘનવટી, સંજીવની વટી, આપી શકાય.

➡ મરડામાં બીલાનો મુરબ્બો (બિલ્વ - અવલેહ), જીરૂંવાળું દહિં, ચિત્રકાદિ વટી, હિંગ્વષ્ટક ચૂર્ણ આદિ પ્રકૃતિને અનુરૂપ નિયમ માત્રામાં આપી શકાય.

➡ શરીરમાંથી પાણી ઓછું ન થાય તે માટે ઓરલ રીહાડ્રેશન સોલ્યુશન (ORS) આપવા.

➡ વ્યક્તિને ખૂબ જ ઓછો તેમજ હલકો ખોરાક આપવો.

તો, આ વખતે સંપૂર્ણ સ્વસ્થતા સાથે વરસાદને વધાવીએ.

**Wish you a very Happy and Healthy Monsoon.**